ખેતી બેંક

GSC ARD BANK

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર
એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.
૪૮૯, આશ્રમરોડ, નહેરૂબ્રીજ સામે, અમદાવાદ-૯
ફોન નંબર : ૨૬૫૮૫૩૬૫-૭૦-૭૧
Email: gscardb@gmail.com

ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લી.

એઆરડીબી/લોન-પ્રોજેક્ટ/ ૫૫/૭૨ તારીખ: ૩૦/૦૫/૨૦૧૯

પ્રતિ,
શ્રી બ્રાંચ મેનેજર,
કૃષિ અને ગ્રામિણ વિકાસ બેંક લી.
સર્વે શાખા

વિષય- ડેરી એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સ્કીમ (DEDS) વર્ષ ૨૦૧૯-૨૦ માં ચાલુ રહેવા બાબત.
સંદર્ભ- એઆરડીબી/લોન-પ્રોજેક્ટ/૯૪/૮૮ તા. ૩૦/૦૭/૨૦૧૮

ઉપરોક્ત વિષયે ડેરી એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સ્કીમ (DEDS) ગત નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન અમલમાં હતી અને તેને લગત માહિતી/એનેક્ષર સંદર્ભના પરિપત્રથી આપને મોકલી આપવામાં આવેલ છે.

સદર બાબતે શ્રી રમેશ મલ્લેચેરી, આસી. જનરલ મેનેજરશ્રી, DOR-GSS, નાબાર્ડ, ગુજરાત ઓફિસ, અમદાવાદ તરફથી તા. ૨૭/૦૫/૨૦૧૯ ના રોજ અત્રે મળેલ ઇ-મેલની વિગતે ભારત સરકારશ્રી તરફથી ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ડેરી એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સ્કીમની વહીવટી મંજુરી મળેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સબસીડીના ક્લેમ ઓનલાઇન પોર્ટલ ઉપર તા. ૦૧/૦૬/૨૦૧૯ થી ઉપલોડ કરવાનું શરૂ થઇ જશે. આથી સંદર્ભના પરિપત્રમાં દર્શાવેલ વિગતોએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન આવતા લોન કેસોની માહિતી સમયમર્યાદામાં અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શાખા કક્ષાએ તા. ૦૧/૦૪/૨૦૧૯ થી જે લોન કેસો મંજુર કરવામાં આવેલ હોય તે લોન કેસોમાં ક્લેમ તા. ૩૦/૦૬/૨૦૧૯ સુધી ઉપલોડ કરી શકાશે. આથી જો આવા કોઇ ક્લેમ હોય તો સત્વરે સંદર્ભના પરિપત્રમાં દર્શાવેલ માહિતીપત્રકમાં તમામ વિગતોભરીને અત્રે મોકલી આપવા તેમજ પ્રથમ હપ્તો ચુકવાયા તારીખથી ૩૦ દિવસની અંદર પ્રથમ હપ્તાની માહિતી નાબાર્ડને મોકલવાની હોઇ, સમયમર્યાદામાં નાબાર્ડ પોર્ટલ પર વિગતો મુકી શકાય તે રીતે એનેક્ષર-૧, પ્રાયોરીટી સર્ટી અને હે.ઓ. ફોર્મ નં. ૩ મોકલી આપવાનું રહેશે.

ઉપરોક્ત ફેરફાર સિવાય સંદર્ભના પરિપત્રમાં દર્શાવેલ અન્ય તમામ ધારા-ધોરણો યથાવત રહેશે.

(એસ.વી.પટેલ)
ડે. જનરલ મેનેજર
ફોન નં. (૦૭૯) ૨૬૫૮૧૪૦૩
E-mail: gscardbloan@gmail.com

નકલ-
- ✓ શ્રી સેક્શન હેડ, સર્વે સેક્શન, અમદાવાદ
- ✓ શ્રી જીલ્લા મેનેજર, સર્વે જીલ્લા
- ✓ શ્રી પી.એ.ટુ. માન. કસ્ટોડિયનશ્રી, અમદાવાદ
- ✓ શ્રી પી.એસ.ટુ. માન. એમ.ડી.શ્રી, અમદાવાદ